(૧૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૪)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. ત્રિદોષ થાય | **સન્નિવાઈયં** | **સંથારાના પાઠમાં** |
| ૨. પોતાના તથા સંબંધીના | **સ્વસંબંધી** | **પહેલા વ્રતમાં** |
| ૩. પાલના કરું છું | **પાલેમિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. મૂળથી નાશ કરવા માટે | **નિગ્ઘાયણટ્ઠાએ** | **સામાયિકના ચોથા પાઠમાં** |

**(આ) બીજા શ્રમણસૂત્રના આધારે જવાબ લખો. (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. ભંડકિયામાંથી કાઢેલી વસ્તુ લીધી હોય. | **અદિટ્ઠહડાએ** |
| ૨. સાધુ માટે લાડવા લાવ્યા હોય. | **ઉગ્ગમેણં** |
| ૩. બીવાળી કિસમિસ લીધી હોય. | **બીય ભોયણાએ** |
| ૪. ચમચાથી દાળ લેતા દાળના છાંટા નીચે પડ્યા હોય. | **પારિસાડણિયાએ** |
| ૫. પૂજા માટે તૈયાર કરેલું ભોજન લીધું હોય. | **બલિ પાહુડિયાએ** |
| ૬. ભીના ચમચા વડે શાક આપ્યું હોય. | **દગ સંસટ્ઠહડાએ** |

**(ઇ) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? કયા પાઠમાં આવે છે? અશુદ્ધ હોય તે સુધારીને લખો. (૩)**

| | અશુદ્ધ | શુદ્ધ | પાઠ |
|---|---|---|---|
| ૧. ચેવયં | **અશુદ્ધ** | **ચેઈયં** | **સામાયિકના પાંચમા પાઠમાં** |
| ૨. કુઈએ | – | **શુદ્ધ** | **પ્રતિક્રમણના બીજા પાઠમાં** |
| ૩. સમિએ | **અશુદ્ધ** | **સમિઈએ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |

(૭૫)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. એમે એ **સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણા । વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે** રયા ॥

**અર્થ : તે જે પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો, સાધુ છે તે દાતા પાસેથી એષણિક આહાર–પાણી શોધવામાં રક્ત રહે છે. જેમ ભમરો પુષ્પોના રસમાં રક્ત રહે છે.**

૨. સવ્વમેયં**મણાઈણ્ણં, ણિગ્ગંથાણ મહેસિણં । સંજમ્મિ ય જુત્તાણં, લહુભૂય**વિહારિણં ॥

**અર્થ : સંયમ અને તપથી યુક્ત તથા વાયુની જેમ અપ્રતિબંધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને માટે આ સર્વે અનાચીર્ણ છે એટલે કે આચરવા યોગ્ય નથી.**

૩. ધિરત્થુ **તે ડજસોકામી, જો તં જીવિયકારણા । વંતં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં** ભવે ॥

**અર્થ : હે અપજશના કામી ! તને ધિક્કાર હો ! અસંયમી જીવન જીવવા માટે, વમેલી–તજેલી મને તું ભોગવવા ઈચ્છે છે ! એના કરતા તો તારું મોત થઈ જાય તે જ તારા માટે શ્રેયકારી છે.**

૪. સંજમે **સુટ્ઠિ અપ્પાણં, વિપ્પમુક્કાણ તાઈણં । તેસિમય મણાઈણ્ણં, ણિગ્ગથાણ** મહેસિણં ॥

**અર્થ : સંયમમાં સુસ્થિત, સંસારની સર્વ આસક્તિથી મુક્ત થયેલા, પોતાના આત્માની અને છકાયના જીવોની રક્ષા કરનારા, તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે તેવા મહર્ષિઓને આ અનાચીર્ણ એટલે ન આચરવા યોગ્ય છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. ૩૨ થી ૩૫ અનાચાર કયા છે? તે અર્થ સાથે લખો. (૪)

**જ. ૩૨) મૂલએ–કાચા સચેત મૂળા ૩૩) સિંગબેરે–આદુ ૩૪) ઉચ્છુખંડે–શેરડીની ગંડેરી ૩૫) કંદે–કંદ.**

૨. કુળને કલંક કોણ લગાડે છે? (૧×૩)

**જ. વમન કરેલા વિષને પીનારા કુળને કલંક લગાડે છે.**

૩. મોક્ષ પ્રાપ્તિ માટે શું કરવાનું છે?

**જ. મોક્ષ પ્રાપ્તિ માટે સંયમ અને તપમાં ઉધમ કરવાનો છે.**

૪. ત્તિ બેમિ એટલે શું?

**જ. જેવું મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે, તે પ્રમાણે જ હું તમને કહું છું.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. વયં– **અમે** ૨. અહં પિ – **હું પણ** ૩. તે – **તારા માટે**

૪. તેસિં – **તે** ૫. તં – **તું, તને** ૬. તીસે – **તેણીના**

**(૪) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૩)**

૧. બહાર – **બહિદ્ધા** ૨. દાતાના દીધેલ – **દાણ** ૩. અનાચીર્ણ – **અણાઈણ્ણં**

**(આ) નિયંઠાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) નીચેનામાંથી કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. પરિમાણ દ્વાર –

**જ.**

| | **વર્તમાન પર્યાય અપેક્ષા** | | **પૂર્વ પર્યાય અપેક્ષા** | |
|---|---|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| **૧. પુલાક હોય તો** | **૧, ૨, ૩** | **પ્રત્યેક સો (૨૦૦ થી ૯૦૦)** | **૧, ૨, ૩** | **પ્રત્યેક હજાર (૨ થી ૯ હજાર)** |
| **૨. બકુશ** | **૧, ૨, ૩** | **પ્રત્યેક સો** | **---** | **પ્રત્યેક સો ક્રોડ નિયમા (૨૦૦ થી ૩૦૦ ક્રોડ)** |
| **૩. પડિસેવણા** | **૧, ૨, ૩** | **પ્રત્યેક સો** | **---** | **પ્રત્યેક સો ક્રોડ નિયમા (૪૦૦ થી ૬૦૦ ક્રોડ)** |
| **૪. કષાયકુશીલ** | **૧, ૨, ૩** | **પ્રત્યેક હજાર** | **---** | **પ્રત્યેક હજાર ક્રોડ નિયમા (૨૦૦૦ થી ૯૦૦૦ ક્રોડ)** |
| **૫. નિર્ગ્રંથ હોય તો** | **૧, ૨, ૩** | **૧૬૨** | **૧, ૨, ૩** | **પ્રત્યેક સો** |
| **૬. સ્નાતક** | **૧, ૨, ૩** | **૧૦૮** | **---** | **પ્રત્યેક ક્રોડ નિયમા** |

૨. ઉદીરણા દ્વાર – **પુલાક ૬ કર્મની (આયુષ્ય, વેદનીય વર્જીને) ઉદીરણા કરે, બકુશ–પડિસેવણા ૬/૭/૮ કર્મની (૭ ની કરે તો આયુષ્ય વર્જીને, ૬ ની કરે તો આયુષ્ય, વેદનીય વર્જીને) ઉદીરણા કરે, કષાયકુશીલ ૫/૬/૭/૮ કર્મની (૫ ની કરે તો આયુષ્ય, વેદનીય, મોહનીય વર્જીને) ઉદીરણા કરે, નિર્ગ્રંથ ૫ કે ૨ (નામ–ગોત્ર) કર્મની ઉદીરણા કરે, સ્નાતક ઉદીરણા કરે તો નામ અને ગોત્ર કર્મની અથવા ઉદીરણા ન કરે.**

૩. જ્ઞાન દ્વાર – **પુલાક, બકુશ, પડિસેવણા નિયંઠામાં બે જ્ઞાન (મતિ, શ્રુત) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ), કષાયકુશીલ અને નિર્ગ્રંથમાં બે જ્ઞાન (મતિ, શ્રુત) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ) અથવા ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, મનઃપર્યવ) અથવા ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ), સ્નાતકમાં એક કેવળજ્ઞાન.**

**પુલાક શ્રુતજ્ઞાન આશ્રી જઘન્ય ૯ મા પૂર્વની ત્રીજી આચારવત્થુ, ઉત્કૃષ્ટ ૯ પૂર્વ ભણે. બકુશ અને પડિસેવણા જ. અષ્ટ પ્રવચન માતા, ઉ. ૧૦ પૂર્વ. કષાયકુશીલ અને નિર્ગંથ જ. અષ્ટ પ્રવચન માતા, ઉ. ૧૪ પૂર્વ. સ્નાતકને કેવળજ્ઞાન હોવાથી સૂત્ર (શ્રુત) વ્યતિરિક્ત કહેવાય છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૦)**

૧. પુલાકમાં કષાય અને મારણાંતિક સમુદ્દ્ઘાત હોય કે નહિ? શા માટે?

**જ. પુલાકમાં સંજવલન કષાયનો ઉદય હોય છે માટે કષાય સમુદ્ઘાત હોય છે. પુલાકપણામાં મરણ હોતું નથી પણ મારણાંતિક સમુદ્ઘાત હોય છે કારણ કે મારણાંતિક સમુદ્ઘાતથી નિવૃત્ત થયા પછી કષાયકુશીલ આદિ પરિણામમાં તેનું મરણ થાય છે.**

૨. કયા નિયંઠા : અપ્રતિસેવી છે? કલ્પાતીત ન હોય? સરાગી છે? નિયમા અવેદી છે?

**જ. કષાયકુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક આ ત્રણ નિયંઠા અપ્રતિસેવી છે. પુલાક, બકુશ અને પડિસેવણા કલ્પાતીત ન હોય. પુલાક, બકુશ, પડિસેવણા અને પડિસેવણા સરાગી છે. નિર્ગ્રંથ અને સ્નાતક અવેદી છે.**

૩. પડિસેવણાને કોની ઉપમા આપી છે? તેના કેટલા ભેદ છે? અહાસુહુમ પડિસેવણા કુશીલ એટલે શું?

**જ. પડિસેવણાને ખળાની ઉપણેલી ખાળ જેવા છે. તેના પાંચ ભેદ છે. કષાયકુશીલ પડિસેવણા કુશીલ–જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગ એ ચારેમાંથી કોઇ બે, ત્રણ કે ચાર ભેદોમાં વિરાધના કરે. આ તપસ્વી છે એવી પ્રશંસાથી જે ખુશ થાય તથા તપના ફળની ઈચ્છા કરે અને દેવ આદિ પદની ઈચ્છા કરે.**

૪. અવસ્થિતની સ્થિતિ કયા જીવો માટે છે? શા માટે? તેમાં નિયંઠા કેટલા? કયા કયા?

**જ. અવસ્થિતની સ્થિતિ ફક્ત સરાગી જીવો માટે છે કારણ કે વીતરાગીને અવસ્થિત પરિણામ હોય પણ સાત સમયનું બંધન ન હોય. તેમાં નિયંઠા છ યે છ. પુલાક, બકુશ, પડિસેવણા, કષાયકુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક.**

૫. સ્નાતકમાં બંધ, વેદે, કષાય, સંજ્ઞા, આહાર, યોગ કેટલા? કયા કયા?

**જ. સ્નાતકમાં બંધ–શાતા વેદનીય બાંધે અને અબંધ, વેદે ચાર અઘાતી કર્મ વેદે (વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર) કષાય–ક્ષીણ અકષાયી, સંજ્ઞા–નોસંજ્ઞાબહુત્તા, આહાર–આહારક અને અણાહારક, યોગ–સયોગી અને અયોગી.**

૬. પડિસેવણાની સ્થિતિ કેટલી? કેવી રીતે?

**જ. પડિસેવણાની સ્થિતિ એક જીવ આશ્રી જઘ. ૧ સમય ઉ. દેશે ઉણા ક્રોડપૂર્વ વર્ષ. ઘણા જીવ આશ્રી શાશ્વત. પડિસેવણા પ્રાપ્ત કરીને એક સમયમાં કાળ કરે તો જ. એક સમયની. ક્રોડપૂર્વના આયુષ્યવાળા ૮ વર્ષના અંતમાં દીક્ષા લે તે અપેક્ષાએ.**

૭. કષાયકુશીલનો તીર્થ દ્વાર લખીને સમજાવો.

**જ. તીર્થ દ્વાર – તીર્થ અને અતીર્થ (તીર્થંકર, પ્રત્યેક બુદ્ધ) માં હોય. તીર્થંકર દ્વારા તીર્થની સ્થાપના થયા પછી જે આરાધના થાય તે તીર્થમાં ગણાય છે. તે પૂર્વે અતીર્થમાં ગણાય છે. છદ્મસ્થ તીર્થંકર કષાયકુશીલ હોય છે તથા જ્યારે તીર્થનો વિચ્છેદ થઈ જાય છે ત્યારે અન્યતીર્થિ સાધુ પણ કષાયકુશીલ હોઈ શકે છે. તે અપેક્ષાએ કષાયકુશીલ અતીર્થમાં હોય છે.**

૮. નિર્ગ્રંથનો શરીર દ્વાર, ભવ દ્વાર, અંતર દ્વાર અને ઘણા ભવ આશ્રી આગરેશ દ્વાર લખો.

**જ. નિર્ગ્રંથનો શરીર દ્વાર – ત્રણ શરીર ઔદારિક, તૈજસ, કાર્મણ. ભવ દ્વાર – જ. ૧ ઉ. ૩ (મનુષ્યના). અંતર દ્વાર – એક જીવ અપેક્ષાએ જ. અંત. ઉ. દેશે ઉણા અર્ધપુદ્ગલ પરાવર્તન. ઘણા જીવ અપેક્ષાએ જ. ૧ સમય ઉ. છ માસ. ઘણા ભવ આશ્રી આગરેશ દ્વાર જ. ૨ ઉ. ૫ વાર આવે.**

૯. સરાગી નિયંઠાનો અલ્પ બહુત્વ દ્વાર લખો.

**જ. સરાગી નિયંઠાનો અલ્પબહુત્વ – સૌથી થોડા પુલાક સંખ્યાતગુણા, તેનાથી બકુશ સંખ્યાતગુણા, તેનાથી પડિસેવણા સંખ્યાતગુણા, તેથી કષાયકુશીલ સંખ્યાતગુણા.**

૧૦. કયા નિયંઠા ક્ષાયિક ભાવમાં હોય? તેનો ઉપસંપજ્જાણં અને સંયમ સ્થાન દ્વાર લખો.

**જ. નિર્ગ્રંથ અને સ્નાતક નિયંઠા ક્ષાયિક ભાવમાં હોય. તેનો ઉપસંપજ્જાણં દ્વાર – કષાયકુશીલ, સ્નાતક કે અસંયમમાં જાય. સ્નાતક મોક્ષમાં જાય. સંયમસ્થાન દ્વાર – બંનેનું સંયમ સ્થાન એક જ હોય.**

**(ઈ) સંજયાના આધારે જવાબ લખો. (૨૫)**

**(૧) કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. છેદોપસ્થાપનીયનો પડિસેવણા દ્વાર – **છેદોપસ્થાપનીયમાં મૂળગુણ પ્રતિસેવી (પાંચ મહાવ્રતમાં દોષ લગાડે) કે અપ્રતિસેવી તથા ઉત્તરગુણ પ્રતિસેવી કે અપ્રતિસેવી.**

૨. સંયમ સ્થાન દ્વાર – **સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધમાં અસંખ્ય સંયમસ્થાન હોય. સૂક્ષ્મ સંપરાયમાં અંતર્મુહૂર્તમાં સમય જેટલા અસંખ્ય સ્થાન હોય અને યથાખ્યાતનું સંયમસ્થાન એક જ છે. અલ્પબહુત્વ–સૌથી થોડા યથાખ્યાત ચારિત્રીના સંયમ સ્થાન, તેથી સૂક્ષ્મસંપરાય ચારિત્રીના સંયમ સ્થાન અસંખ્યાતગુણા. તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રીના સંયમ સ્થાન અસંખ્યાતગુણા, તેથી સામાયિક–છેદોપસ્થાપનીય ચારિત્રીના સંયમ સ્થાન પરસ્પર તુલ્ય અને અસંખ્યાતગુણા.**

૩. સ્થિતિ દ્વાર

**જ.**

| | **એક જીવ અપેક્ષા** | | **ઘણા જીવ અપેક્ષા** | |
|---|---|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| **૧. સામાયિક ચારિત્ર** | **૧ સમય** | **દેશે ઉણા ક્રોડપૂર્વ વર્ષ** | | **શાશ્વતા** |
| **૨. છેદોપસ્થાપનીય ચારિત્ર** | **૧ સમય** | **દેશે ઉણા ક્રોડપૂર્વ વર્ષ** | **૨૫૦ વર્ષ** | **૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ** |
| **૩. પરિહાર વિશુદ્ધ ચારિત્ર** | **૧ સમય** | **દેશે ઉણા (૨૯ વર્ષ) ક્રોડપૂર્વ વર્ષ** | **દેશે ઉણા ૨૦૦ વર્ષ (૧૪૨)** | **૨ ક્રોડપૂર્વમાં ૫૮ વર્ષ ઓછા** |
| **૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર** | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |
| **૫. યથાખ્યાત ચારિત્ર** | **૧ સમય** | **દેશે ઉણા ક્રોડપૂર્વ વર્ષ** | | **શાશ્વતા** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૦)**

૧. ઘણા જીવ અપેક્ષા છેદોપસ્થાનીયની સ્થિતિ કેટલી? શા માટે?

**જ. ઘણા જીવ અપેક્ષા છેદોપસ્થાપનીયની સ્થિતિ જ. ૨૫૦ વર્ષ ઉ. ૫૦ લાખ ક્રોડ સાગર વર્ષ. ઉત્સર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકરનું તીર્થ ૨૫૦ વર્ષ સુધી રહે છે ત્યાં સુધી છેદો. ચારિત્ર હોય છે. અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકરનું તીર્થ ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી રહે છે ત્યાં સુધી છેદો. ચારિત્ર હોય છે માટે છેદો.ની ઘણા જીવ અપેક્ષા સ્થિતિ તે પ્રમાણેની સમજવી.**

૨. સંયતિના કેટલા ભેદ છે? શા માટે?

**જ. સંયતિના પાંચ ભેદ છે કારણ કે સર્વ સાધુ, શ્રમણો સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરેલા હોય છે પણ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમની વિભિન્નતા, વિચિત્રતાના તેમ જ ચારિત્રની આરાધના (જાગૃતિ) ના કારણે સંયત ના પાંચ ભેદ છે.**

૩. સૂક્ષ્મ સંપરાયવાળા ચારિત્ર છોડે તો કેટલા અને કયા સ્થાનમાં જાય? કેટલા ક્ષેત્રમાં હોય?

**જ. સૂક્ષ્મ સંપરાયવાળા ચારિત્ર છોડે તો ૪ સ્થાને જાય. સામાયિક, છેદોપસ્થાપનીય, યથાખ્યાત ચારિત્ર કે અસંયમમાં જાય. ૧૫ કર્મભૂમિમાં હોય. સંહરણ અપેક્ષાએ અકર્મભૂમિમાં પણ હોય. લોકના અસંખ્યાતમા ભાગમાં હોય.**

૪. જે ૩૩ સાગરોપમની સ્થિતિ પામે છે તે સંજયાના નામ લખી તેઓ કઈ પદવી પામે? તેનો ગતિ દ્વાર લખો.

**જ. સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત. ઊંમા., છેદો. પાંચમાંથી એક પદવી પામે. જ. સૌધર્મ કલ્પ ઉ. ૫ અનુત્તર વિમાનમાં જાય. સ્થિતિ જ. ૨ પલ્ય ઉ. ૩૩ સાગર પામે. સૂક્ષ્મ., યથા. ઉપશાં મોહી અહમેન્દ્ર પદ પામે. સૂક્ષ્મ., યથા. ક્ષીણ મોહી મોક્ષે જાય. સૂક્ષ્મ સંપરાય અને ઉપશાંત મોહી યથા. ૫ અનુત્તર વિમાનમાં જાય. અજઘ. અનુ. ૩૩ સાગરની સ્થિતિ પામે. ક્ષીણ યથા. મોક્ષ–સાદિ અનંત.**

૫. પરિહાર વિશુદ્ધ ચારિત્રનો કાળ અને પરિમાણ દ્વાર લખો.

**જ. પરિહાર વિશુદ્ધ ચારિત્રનો કાળ દ્વાર–અવસર્પિણી કાળના ૩–૪ આરા જન્મે અને ૩–૪–૫ આરામાં પ્રવર્તે ઉત્સર્પિણી કાળના ૨–૩–૪ આરા જન્મે અને ૩–૪ આરામાં પ્રવર્તે. મહાવિદેહમાં ન હોય. સંહરણ ન થાય.**

**પરિમાણ દ્વાર–જો હોય તો વર્તમાન અપેક્ષા જ. ૧–૨–૩ ઉ. પ્રત્યેક સો, પૂર્વ પર્યાય અપેક્ષા જ. ૧–૨–૩ ઉ. પ્રત્યેક હજાર.**

૬. સામાયિક ચારિત્રનો જ્ઞાન દ્વાર, અંતર દ્વાર, ભવ દ્વાર અને નિયંઠા દ્વાર લખો.

**જ. સામાયિક ચારિત્રનો જ્ઞાન દ્વાર–૨–૩–૩–૪ જ્ઞાન. શ્રુતજ્ઞાનની અપેક્ષા જ. અષ્ટ પ્રવચન માતા, ઉ. ૧૪ પૂર્વ પૂર્ણ ભણે. અંતર દ્વાર–એક જીવ અપેક્ષા જ. અંત. ઉ. દેશેઉણા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ, ઘણા જીવ અપેક્ષા અંતર ન પડે. ભવ દ્વાર–જ. ૧ ઉ. ૮ ભવ કરે. નિયંઠા દ્વાર–ચાર નિયંઠા પુલાક, બકુશ, પડિસેવણા અને કષાયકુશીલ.**

૭. અસ્થિત કલ્પ કયા ચારિત્રમાં ન હોય? શા માટે? તેનો શરીર અને પડિસેવણા દ્વાર લખો.

**જ. અસ્થિત કલ્પ છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં ન હોય કારણ કે આ બંને ચારિત્ર વચ્ચેના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં ન હોવાને કારણે ત્યાં અસ્થિત કલ્પ હોતો નથી. શરીર દ્વાર–છેદોપસ્થાપનીયમાં ૩–૪–૫, પરિહાર વિશુદ્ધમાં ૩ શરીર ઔદા., તૈજસ, કાર્મણ. પડિસેવણા દ્વાર–છેદોપસ્થાપનીયમાં મૂળગુણ કે ઉત્તરગુણ પ્રતિસેવી કે અપ્રતિસેવી. પરિહાર વિશુદ્ધ અપ્રતિસેવી.**

૮. યથાખ્યાત ચારિત્રના સંયમ પર્યવ કેટલા? કોનાથી હીન, અધિક, તુલ્ય હોય? સમુદ્ઘાત કેટલી અને કઈ?

**જ. યથાખ્યાત ચારિત્રીના સંયમ પર્યવ અનંતાનંત છે. યથાખ્યાત ચારિત્રી પ્રથમ ચાર ચારિત્રીથી અનંતગુણ અધિક છે. યથાખ્યાતથી તુલ્ય છે. સમુદ્ઘાત જો હોય તો એક કેવળ સમુદ્ઘાત.**

૯. ક્ષેત્ર દ્વાર (૩૨ મો) અને સ્પર્શના દ્વાર લખો.

**જ. ક્ષેત્ર દ્વાર–પ્રથમ ચાર સંયતિ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. યથાખ્યાત ચારિત્રી લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતમા ભાગોમાં અથવા સર્વ લોકમાં (કેવળ સમુદ્ઘાત અપેક્ષા) હોય. સ્પર્શના દ્વાર–અવગાઢ ક્ષેત્ર કરતા સ્પર્શના કંઈક અધિક જાણવી.**

૧૦. અતીર્થમાં કયા સંજયા હોય? તેનો લિંગ, કષાય અને ઘણા ભવ અપેક્ષા આગરેશ દ્વાર લખો.

**જ. અતીર્થમાં સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રી હોય. લિંગ દ્વાર – ત્રણે દ્રવ્યથી સ્વલિંગ, અન્યલિંગ કે ગૃહસ્થલિંગી હોય છે. ભાવથી સ્વલિંગી હોય છે. કષાય દ્વાર – સામાયિકમાં ૪/૩/૨, સૂક્ષ્મ સંપરાયમાં સંજવલન લોભ, યથાખ્યાત અકષાયી. આગરેશ દ્વાર – ત્રણે જ. બે વાર ઉ. સામાયિક પ્રત્યેક હજારવાર, સૂક્ષ્મ ૯ વાર, યથાખ્યાત ૫ વાર.**

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બ્રાહ્મણના પહેલા બે લક્ષણ લખો. (૩)

**જ. ૧) જે મહાત્માઓ જ્ઞાનીએ બતાવેલા ગુણોવાળા હોય તેને લોકમાં બ્રાહ્મણ કહેવાય છે. જેઓ હંમેશાં અગ્નિની જેમ પૂજ્ય રહે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૨) જે પોતાની પાસે આવનાર વ્યક્તિ ઉપર આસક્ત થતા નથી, કોઇ છોડી જાય ત્યારે શોક કરતા નથી, પરંતુ જિનાજ્ઞામાં જ રમણ કરે છે, તેમાં જ લીન રહે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.**

૨. કયા ઉદાહરણ દ્વારા જયઘોષ મુનિએ વિજયઘોષને સમજાવ્યા? (૨×૬)

**જ. માટીનો એક ભીનો અને એક સૂકો એમ બે ગોળા ભીંત પર ફેંકવામાં આવે તો તે બંને ગોળા ભીંત સાથે અથડાય છે, પરંતુ તેમાંથી જે ભીનો ગોળો છે તે ભીંત સાથે ચોંટી જાય છે અને સૂકો ગોળો ચોંટતો નથી.**

૩. યાજ્ઞિક લોકો કેવા હોય છે?

**જ. યાજ્ઞિક લોકો મોક્ષવિદ્યા અને બ્રાહ્મણની ગુણસંપદાથી અજાણ હોય છે. સ્વાધ્યાય અને તપના વાસ્તવિક સ્વરૂપને પણ સમજતા નથી. તેઓ બહારથી શાંત દેખાવા છતાં પણ અંતરમાં કષાયો હોય છે.**

૪. ગંગા નદી કિનારે જયઘોષે શું જોયું? તેમને શેનો અનુભવ થયો?

**જ. એક દેડકાને સાપે પકડ્યો છે તે તેને ખાઈ રહ્યો છે. સાપને મોરે પકડ્યો છે તે સાપને ખાઈ રહ્યો છે, અડધો ગળી ગયો છે. આ સ્થિતિમાં સાપ દેડકાને અને મોર સાપને છોડતા નથી. ત્યાં એક શિકારીએ મોરને મારવા**

**બાણ ઉપાડ્યું. તે જ સમયે એક સિંહ પાણી પીવા આવ્યો, તેણે શિકારીને જોયો અને તરાપ મારી. તેમને સંસારની અસારતાનો અનુભવ થયો.**

૫. વેદમાં પારંગત હોવા છતા શેના જવાબ આપવામાં વિજયઘોષ અસમર્થ હતા?

**જ. વેદોનું મુખ શું છે? યજ્ઞનું મુખ શું છે? નક્ષત્રનું મુખ શું છે? અને ધર્મનું મુખ શું છે? પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ કોણ છે? આવા સરળ પ્રશ્નોના જવાબ આપવામાં વિજયઘોષ અસમર્થ હતા.**

૬. વિજયઘોષે જયઘોષને શા માટે શ્રેષ્ઠ ભિક્ષુ કીધા? ભૂલ સ્વીકારી શેની વિનંતી કરી?

**જ. જયઘોષ નિરાસક્તભાવે, નાના–મોટાના ભેદભાવ વિના અજ્ઞાત કુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરનાર હોવાથી શ્રેષ્ઠ ભિક્ષુ કીધા. ભૂલ સ્વીકારી આહાર ગ્રહણ કરવાની વિનંતી કરવા લાગ્યા.**

૭. જયઘોષે કોની પાસે દીક્ષા લીધી? તેઓ કયું તપ કરતા હતા? કયા નગરમાં પધાર્યા? કોની યજ્ઞશાળામાં પધાર્યા?

**જ. જૈન મુનિ. માસક્ષમણ. બનારસ. વિજયઘોષ બ્રાહ્મણની.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)**

૧. અલ્પશ્રુતં **શ્રુતવતાં પરિહાસ ધામ, ત્વદ્ ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્ ।**
**યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુ ચામ્ર કલિકા નિકરૈક** હેતુઃ ॥

**અર્થ : હું શાસ્ત્રના અલ્પ જ્ઞાનવાળો છું અને તેથી શાસ્ત્રના પારગામી એવા વિદ્વાનોની આગળ હાંસીનું પાત્ર છું, પરંતુ હે પ્રભુ ! મને તમારી ભક્તિ વાચાળ બનાવી રહી છે. જેમ વસંતઋતુમાં કોયલ જે મધુર સ્વરે ટહુકા કરે છે, તે કેવળ આમ્રવૃક્ષની મઘમઘતી મંજરીના સમૂહનો જ પ્રભાવ છે.**

૨. **યૈઃ શાન્તરાગ રુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભુવનૈક લલામભૂત !**
**તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥**

**અર્થ : ત્રણ લોકને વિષે એક માત્ર આભૂષણરૂપ હે પ્રભુ ! શાંત રસની પ્રભાવાળા જે ઉજ્જવળ પરમાણુઓ વડે આપનું શરીર બને છે, તે પરમાણુઓ ખરેખર પૃથ્વીને વિષે તેટલા જ હતા, તેથી જ આપના સમાન રૂપવંત બીજું કોઇ હવે નથી.**

૩. **બુદ્ધયા વિનાડપિ વિબુધાર્ચિત પાદપીઠ ! સ્તોતું સમુદ્યત મતિર્વિગતત્રપોડહમ્ ।**
**બાલં વિહાય જલ સંસ્થિત મિન્દુબિમ્બ, મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા** ગ્રહીતુમ્ ॥

**અર્થ : દેવોએ જેનું પાદપીઠ પૂજ્યું છે એવા હે જિનેશ્વર દેવ ! પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઈચ્છા બાળક સિવાય બીજો કોણ કરે? તેવી જ રીતે તમારી સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નથી છતા પણ હું લજ્જા રહિત થઈને, તમારી સ્તુતિ કરવા તૈયાર થયો છું.**

૪. નાત્યદ્ભૂતં **ભુવન ભૂષણ ! ભૂતનાથ ! ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।**
**તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા ! ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં** કરોતિ ॥

**અર્થ : હે જગતના આભૂષણ ! હે પ્રાણી માત્રના નાથ ! આપના વિદ્યમાન ગુણોથી આપની રૂડા ભાવથી સ્તુતિ કરનાર જગતમાં આપના સમાન જ બની જાય છે તેમાં કોઇ આશ્ચર્ય નથી અથવા આ જગતમાં જે આશ્રિતને પોતાના સમાન નથી બનાવતા, તેવા સ્વામીની સેવાથી ખરેખર શું લાભ? અર્થાત્ જે નિષ્ઠાપૂર્વક સેવા કરે છે તેને સ્વામી પોતાના સમાન અવશ્ય કરે છે.**

૫. ભક્તામર **પ્રણત મૌલિ મણિ પ્રભાણા, મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા, વાલમ્બનં ભવ જલે પતતાં** જનાનામ્ ॥

**અર્થ : ભક્ત દેવોના નમેલા મસ્તકોને વિષે રહેલા મુગટમાં જડેલા મણિઓની પ્રભાને પ્રકાશિત કરનારા, કર્મરૂપી પાપ અને અજ્ઞાન અંધકારના નાશક તથા સંસાર સમુદ્રમાં પડેલા મનુષ્યોને યુગની આદિમાં આશ્રયરૂપ એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના બંને ચરણોને રૂડા પ્રકારે નમસ્કાર કરીને.**